सत्यमेव जयते

**GJBT020097942025**

કેસ રજુ તા. ૧૨–૦૮–૨૫
દાખલ તા. ૧૨–૦૮–૨૫
ફેંસલ તા. ૧૮–૦૭–૨૬
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>

## બોટાદના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તા. જી. બોટાદ.

ફોજદારી કેસ નં. ૮૫૨૬/૨૫
આંક –

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–** (૧) દિનેશભાઇ રામજીભાઇ પરમાર,
ઉ.વ.આ. ૩૬, ધંધો – ઇલેક્ટ્રીક્ટની દુકાન,
હાલ રહે. ત્રીજી શેરી, સેન્ડલવુડ સોસાયટી, મોરજ રોડ, તા. તારાપુર, જી. આણંદ.
મુળ રહે. વાળંદપુરા, તા. તારાપુર, જી. આણંદ.

(૨) હિતેન્દ્રભાઇ ઉર્ફે હિતેશ સામંતભાઇ રાઠોડ,
ઉ.વ.આ. ૨૪, ધંધો – નોકરી,
હાલ રહે. જાખડા ગામ, કોયા ફળી, ધોળકા, જી.અમદાવાદ.

(૩) કેવલભાઇ શંભુભાઇ ચૌહાણ,
ઉ.વ.આ. ૨૦, ધંધો – હિરા કામ,
મુળ રહે. પ્લોટ નં. ૧૭/એ, મોરારી પાર્ક, દેસાઇ નગર, ચિત્રા, તા. જી. ભાવનગર.
હાલ રહે. ૭૬, સંત જલારામ એપાર્ટમેન્ટ, વેડ રોડ, કતારગામ, તા. જી. સુરત.

(૪) રૂતુરાજસિંહ ઉર્ફે રૂતુરાજ પ્રદિપસિંહ ગોહિલ,
ઉ.વ.આ. ૨૪, ધંધો – ટ્રાવેલ એજન્સી,
હાલ રહે. રૂમ નં. ૯૭, બી–૦૭, વિદ્યાનગર, પોલીસ લાઇન, તા. જી. ભાવનગર.
મુળ રહે. પીપરીયા, તા. વલ્લભીપુર, જી. ભાવનગર.

(૫) એચ.પી. ઉર્ફે હરદિપ જનકભાઇ પરમાર,
ઉ.વ.આ. ૨૯, ધંધો – શેર માર્કેટ વેપાર,
રહે. વાણીયા શેરી, તા. વલ્લભીપુર, જી. ભાવનગર.

**ગુનોઃ–** ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૦૪, ૩૦૮(૬), ૩૧૬(૨), ૩૧૯(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ તથા આઇ.ટી. એક્ટની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબ ...

---

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી – ડૉ. રાકેશભાઈ આર. જાની
આરોપી નં. ૧, ૩, ૪, ૫ તરફે વિદ્વાન વકીલશ્રી – એસ. કે. પરમાર.
આરોપી નં. ૨ તરફે વિદ્વાન વકીલશ્રી – એ. ડી. વાળા.

---

## –: ચુકાદો :–

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,

આ કામના આરોપીઓએ ફરિયાદી બેનને તા.૨૨–૦૩–૨૦૨૫ ના કલાક ૧૦:૦૦ થી તા.૨૫–૦૩–૨૦૨૫ સુધી કલાક ૧૩:૧૫ દરમ્યાન ફરિયાદીના મોબાઇલ નં. ૯૯૨૪૨૪ xxxx ઉપર મોબાઇલ નં. ૯૪૩૪૨૧ xxxx તથા વોટ્સઅપ નં. ૮૦૯૩૨૮ xxxx ઉપરથી કોમ્પ્યુટર સાધનો દ્વારા ફરિયાદીના મોબાઇલ નંબરની માહિતી મેળવી ફરિયાદીને ફોન કોલ તથા સતત વીડીયોકોલ કરી ફરિયાદીને રૂપીયા ૬૫ કરોડનું ફ્રોડ કરેલ છે, જેમાં ૧૧૭ નાના છોકરાઓને કીડનેપ કરી અને બાંધીને રાખેલ છે. તેમજ બાળકોના વાલીઓ પાસે રૂપીયાની માંગણી કરે છે, તેમજ નાના બાળકોના અંગો કાયદેસર રીતે વેચે છે તેવી ફરિયાદ થયેલ હોવાની ખોટી માહિતી ફરિયાદીને જણાવી, ફરિયાદીને ડરાવી–ધમકાવી ગુનાના ભયમાં મુકી, તેમજ ફરિયાદીની ગેંગના માણસોને તેઓએ પકડેલ છે. તેમજ દિલ્હી ક્રાઇમ બ્રાંચના ઓફીસર તરીકેની ખોટી રાજ્ય સેવકની ઓળખ આપી, ભારત સરકારના મુદ્રાવાળી બનાવટી વોરંટ બનાવી, તેનો ખરા તરીકે ઉપયોગ કરી, ફરિયાદીને સતત વીડીયો કોલ કરી, ઉપરોક્ત સમય દરમ્યાન તેણીને ડીજીટલ એરેસ્ટ કર્યાનું જણાવી, તેણીને સદરહુ ગુનાના ભયમાં રાખી, તેમજ આ ગુનામાંથી છુટવા ફરિયાદીને વિશ્વાસમાં લઇ ફરિયાદી પાસેથી રૂ૦૨,૦૦,૦૦૦/– I.C.I.C.I. બેંકના ખાતા નં. ૩૮૦૫૦૫૫૦૦ xxx માં ભરાવી બીજા વધુ પૈસાની માંગણી કરી, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, ફરિયાદી સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરી, શિક્ષાપાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી.

જે બોટાદના સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૦૦૦ ૯૨૫૦૦૦૯/૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૦૪, ૩૦૮(૬), ૩૧૬(૨), ૩૧૯(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ તથા આઇ.ટી. એક્ટની કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે ત.ક.અધિકારીએ ગુનાની તપાસ દરમ્યાન જરૂરી પંચનામાઓ તૈયાર કરી, સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.)** સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ વિરૂધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઇ, આરોપીઓ સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસરની બજવણી થઇ ગયેલ છે. જે અન્વયે આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થતાં આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વીનામુલ્યે પુરી પાડવામાં આવેલી.

ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ **આંક-૦૬ થી તહોમતનામુ** ફરમાવી, તે તહોમતનામા સબબ આરોપીઓની **આંક-૦૭ થી આંક-૧૧ સુધી પ્લી** નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરી, પોતે ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**૩.)** આ કામે ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**-: મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| **૧.** | ૫૪ | ફરિયાદી હેમલતાબેન અરવિંદભાઇ દેસાઇ ની જુબાની |
| **૨.** | ૫૫ | ફરિયાદની ખરી નકલ |
| **૩.** | ૫૭ | આરોપી દિનેશભાઇ અને આરોપી હિતેન્દ્રભાઇ ની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |
| **૪.** | ૫૮ | આરોપી કેવલભાઇ અને આરોપી રૂતુરાજસિંહ ની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |
| **૫.** | ૫૯ | આરોપી હરદિપભાઇ ની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |

| | | |
|---|---|---|
| **૬.** | ૬૦ | સ્ક્રીન શોર્ટ રીકવરીના પંચનામાની ખરી નકલ |
| **૭.** | ૬૧ | સેન્ટ્રલ બ્યુરો રીપોર્ટની ખરી નકલ |
| **૮.** | ૬૨ | સી.બી.આઇ.એ ફરિયાદીને કરેલ પત્ર |
| **૯.** | ૬૩ | ફોટોગ્રાફની ખરી નકલ |
| **૧૦.** | ૬૪ | સી.બી.આઇ.એ ફરિયાદીને કરેલ પત્ર |
| **૧૧.** | ૬૫ | મોબાઇલ ફોન કબજે કર્યાના પંચનામાની ખરી નકલ |
| **૧૨.** | ૬૬ | મુદ્દામાલ કબજે કરી વોટ્સઅપ ચેટના સ્ક્રીન શોર્ટ રીકવર કર્યા અંગેના પંચનામાની ખરી નકલ |
| **૧૩.** | ૬૭ | સ્ક્રીન શોર્ટની ખરી નકલ |
| **૧૪.** | ૬૮ | સી.સી.ટી.વી. ફુટેજ નિરીક્ષણ અહેવાલ |
| **૧૫.** | ૬૯ | એ.ટી.એમ. નો રીપોર્ટ |
| **૧૬.** | ૭૦ | કલમ-૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર |
| **૧૭.** | ૭૧ | એફ.એસ.એલ.ના પત્ર નં. ૧૬૬૨ ની ખરી નકલ |
| **૧૮.** | ૭૨ | એફ.એસ.એલ.ના પત્ર નં. ૦૩૮૦ ની ખરી નકલ |
| **૧૯.** | ૭૩ | એફ.એસ.એલ.ના પત્ર નં. ૧૬૮૩ ની ખરી નકલ |
| **૨૦.** | ૭૪ | આરોપીઓના સ્ટેટમેન્ટ રેકર્ડ કર્યા અંગેનું પંચનામુ |
| **૨૧.** | ૭૫ | ત.ક.અ. જગદિશભાઇ ગંગારામભાઇ ચૌધરી ની જુબાની |

**૪.)** ઉપરોક્ત પુરાવા બાદ મુળ ફરિયાદી તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું આંક-૫૬ ની ક્લોઝીંગ પુરસીસ થી જાહેર કરેલ છે.

ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમાં તેઓ વિરૂધ્ધની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે અને તેઓ વિરૂધ્ધ તદ્દન ખોટો કેસ કરેલ હોય તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે. તેમજ આ કામે વિશેષમાં તેઓએ કાંઈ કહેવુ નથી કે બચાવપક્ષે કોઈ સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

**૫.)** ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષની હકીકતો મુજબની મૌખિક દલીલો કરેલી છે, જે ધ્યાને લીધી. જેમાં તેમણે જણાવેલ છે કે, ફરિયાદીના પુરાવાથી આરોપીઓએ તેણી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી,

તેણીને સતત ભયમાં રાખી, તેણી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/- મેળવી, ગુનો કરેલ હોવાનું પુરવાર થયેલ હોય આરોપીઓને સજા કરવા અરજ કરેલ છે.

જ્યારે આરોપીઓ તરફે વિદ્ધાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદીએ ફરિયાદપક્ષને મદદરૂપ થતો કોઈ પુરાવો આપેલ નથી. જેથી હાલના આરોપીઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. જેથી તેઓને નિર્દોષ છોડી મુકવા દલીલ કરેલ છે.

૬.) ઉપરોકત ફરીયાદ, હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદી બેનને તા.૨૨-૦૩-૨૦૨૫ ના કલાક ૧૦:૦૦ થી તા.૨૫-૦૩-૨૦૨૫ સુધી કલાક ૧૩:૧૫ દરમ્યાન ફરિયાદીના મોબાઈલ નં. ૯૯૨૪૨૪XXXX ઉપર મોબાઈલ નં. ૯૪૩૪૨૧XXXX તથા વોટ્સઅપ નં. ૮૦૯૩૨૮XXXX ઉપરથી કોમ્પ્યુટર સાધનો દ્વારા ફરિયાદીના મોબાઈલ નંબરની માહિતી મેળવી ફરિયાદીને ફોન કોલ તથા સતત વીડીયોકોલ કરી ફરિયાદીને રૂપીયા ૬૫ કરોડનું ફ્રોડ કરેલ છે, જેમાં ૧૧૭ નાના છોકરાઓને કીડનેપ કરી અને બાંધીને રાખેલ છે. તેમજ બાળકોના વાલીઓ પાસે રૂપીયાની માંગણી કરે છે, તેમજ નાના બાળકોના અંગો કાયદેસર રીતે વેચે છે તેવી ફરિયાદ થયેલ હોવાની ખોટી માહિતી ફરિયાદીને જણાવી, ફરિયાદીને ડરાવી-ધમકાવી ગુનાના ભયમાં મુકી, તેમજ ફરિયાદીની ગેંગના માણસોને તેઓએ પકડેલ છે. તેમજ દિલ્હી ક્રાઇમ બ્રાંચના ઓફીસર તરીકેની ખોટી રાજ્ય સેવકની ઓળખ આપી, ભારત સરકારના મુદ્રાવાળી બનાવટી વોરંટ બનાવી, તેનો ખરા તરીકે ઉપયોગ કરી, ફરિયાદીને સતત વીડીયો કોલ કરી, ઉપરોક્ત સમય દરમ્યાન તેણીને ડીજીટલ એરેસ્ટ કર્યાનું જણાવી, તેણીને સદરહુ ગુનાના ભયમાં રાખી, તેમજ આ ગુનામાંથી છુટવા ફરિયાદીને વિશ્વાસમાં લઇ ફરિયાદી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/- I.C.I.C.I. બેંકના ખાતા નં. ૩૮૦૫૦૫૫૦૦XXX માં ભરાવી બીજા

વધુ પૈસાની માંગણી કરી, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, ફરિયાદી સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૦૪, ૩૦૮(૬), ૩૧૬(૨), ૩૧૯(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ તથા આઇ.ટી. એક્ટની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**૭.)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઇ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઇ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઇ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિ. લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જ્યારે કોઇ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે, તેમાં વિરોધાભાસ અને અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે ક્યારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઇએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઇએ નહી. સાહેદે આપેલી જુબાની કઇ પરિસ્થિતિમાં આપેલ છે, કઇ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઇએ. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**<u>ફરિયાદીનો પુરાવોઃ-</u>**

૮.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં.૧ ફરીયાદી હેમલતાબેન અરવિંદભાઇ દેસાઇ ને આંક-૫૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ અગાઉ સવારના સમયે તેઓ પોતાના ઘરે હતા ત્યારે તેમના મોબાઇલ નંબર ઉપર એક અજાણ્યા નંબર ઉપરથી ફોન આવેલ અને તેમને અંગ્રેજીમાં જણાવેલ કે, તમોએ ૬૫ કરોડનું ફ્રોડ કરેલ છે, તમારો નંબર બ્લોક કરવામાં આવે છે. જેથી ફરિયાદીએ તેઓને "*આવો કોઇ ફ્રોડ કરેલ નથી, તમે મને હેરાન કરશો તો હું પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જઇશ* " તેમ કહેલું. તો તેઓએ ફરિયાદીને ૧૯૩૦ નંબર ઉપર ફરિયાદ કરશો તો તેઓની પાસે જ આવશે તેમ કહી, તેઓ ક્રાઇમ ઓફીસમાંથી બોલતા હોવાનું જણાવેલું. તેમજ ફોનમાં "*તમે ૬૫ કરોડનું ફ્રોડ કરેલ છે અને ૧૧૭ છોકરાઓને કીડનેપ કરી બાંધી રાખેલ છે* " તેમ કહી, ડરાવી, તેણી પાસે પૈસાની માંગણી કરતાં ફરિયાદીએ તેઓને બે લાખ રૂપીયા આપેલાં. જે બાબતે હાલની ફરિયાદ આપેલી. આ કામે રજુ થયેલ ફરિયાદની ખરી નકલ તેમને બતાવતાં ફરિયાદી તેમાં પાના નં. ૧, ૨ અને ૩ ઉપર પોતાની સહી ઓળખી બતાવે છે. જે આ કામે **આંક-૫૫** થી રજુ કરેલ છે. આ સિવાય બીજુ કાંઇ બનેલ નથી.

સદરહુ ફરિયાદીએ તેમની ફરિયાદ અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૭૩ મુજબ સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી.

ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે તેમજ વિદ્વાન એ.પી.પી.શ્રી એ તેઓને સુચક પ્રશ્નો પુછેલ હોવાછતાં ફરિયાદીએ ફરીયાદપક્ષને અનુરૂપ કોઇ પુરાવો રેકર્ડ પર આપેલ નથી.

–> બચાવપક્ષે સદરહુ **ફરિયાદીની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, વોટ્સઅપ ઉપર એક અજાણ્યા નંબર ઉપરથી ફોન અને લીંક આવતાં તે શરતચુકથી દબાઇ જતાં તેમના ખાતામાંથી બે લાખ રૂપીયા જતા રહેલાં. આ કામે હાજર આરોપીઓએ તેમને ફોન કરી વીડીયોકોલ કરી ડરાવી–ધમકાવી તેમની પાસેથી બે લાખ રૂપીયા લીધેલ હોય તેવું બનેલ નથી. તેઓ આરોપીઓને અદાલતમાં પ્રથમ વખત જોવે છે. તેઓએ ફરિયાદી પાસેથી કોઇ રૂપીયાની માંગણી કરેલ નથી કે ફરિયાદીએ તેઓને કોઇ ખાતામાં રૂપીયા મોકલેલ નથી. હાલ તેમને તેમને બે લાખ રૂપીયા પરત મળી ગયેલ હોય ફરિયાદી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી.

## <u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ–</u>

૯.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં.૨ જગદિશભાઇ ગંગારામભાઇ ચૌધરી ને આંક–૭૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બોટાદ સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના ગુના રજી. નં. ૦૯/૨૫, તા.૧૬–૦૬–૨૦૨૫ ના રોજ ફરિયાદીએ હાલની ફરિયાદ નોંધાવતા તે પી.એસ.ઓ.એ રજીસ્ટરે લીધેલી. જેની આગળની તપાસ સાહેદે કરતાં આરોપીઓની અટક કરી અદાલત રૂબરૂ રજુ રાખેલાં. સાહેદને આંક–૫૫ થી રજુ થયેલ ફરિયાદીની ફરિયાદ બતાવતાં તે ફરિયાદીએ તેમના રૂબરૂ લખાવ્યા મુજબની હોય તેમાં સાહેદે પોતાની હાજરીમાં ફરિયાદીની સહી લઇ પોતાની સહી કરેલી. ત્યારબાદ ફરિયાદીનું વિશેષ નિવેદન નોંધેલું.

ત્યારબાદ આ કામે આંક–૫૭ થી આંક–૫૯ સુધી રજુ થયેલ આરોપીઓની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ બતાવતાં તે પંચોએ લખાવ્યા મુજબના લખી તેમાં સાહેદ રૂબરૂ પંચોની સહીઓ લીધેલી. તેમજ આ કામે આંક–૬૦ થી રજુ થયેલ સ્ક્રીન શોર્ટ રીકવરીનું પંચનામુ બતાવતાં તે પંચોના લખાવ્યા મુજબનું લખી ૦૩ સ્ક્રીનશોર્ટ તથા ફરિયાદીએ આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં આરોપીના ખાતામાં બે લાખ જમા કર્યા અંગેની બેંક સ્લીપ પંચનામાની વિગતે કબજે લઇ સાહેદની હાજરીમાં પંચોની સહીઓ લીધેલી. તેમજ આ કામે

કબજે કરેલ સ્ક્રીન શોર્ટ કુલ–૧૪ પાનામાં આંક–૬૧ થી રજુ કરેલ છે. આ ઉપરાંત આંક–૬૨ થી સી.બી.આઇ.નું ફરિયાદીને મોકલેલ ખોટો લેટર તથા આંક–૬૩ મુજબના સી.બી.આઇ. ઓફીસર તરીકે અટક અંગેના ખોટા ફોટોગ્રાફ તથા આંક–૬૪ મુજબના સી.બી.આઇ.નું ફરિયાદીને મોકલેલ ખોટો લેટર કબજે લીધેલ. તેમજ આ કામે આંક–૬૫ થી રજુ કરેલ મુદ્દામાલ મોબાઇલ કબજે કર્યા અંગેનું પંચનામુ બતાવતાં તે પંચોની હાજરીમાં આરોપી પાસેથી મોબાઇક રીકવર કરેલ. જે મોબાઇલમાં રહેલ અલગ અલગ આરોપીઓના મોબાઇલમાંથી સ્ક્રીનશોર્ટ કબજે કરેલ.

વધુમાં, આ સાહેદને આંક–૬૬ થી રજુ રાખેલ મુદ્દામાલ કબજે કરી સ્ક્રીનશોર્ટ રીકવર કર્યા અંગેનું પંચનામુ બતાવતાં તે પંચોના લખાવ્યા મુજબનું લખી આંક–૬૭ મુજબના જુદા જુદા સ્ક્રીન શોર્ટ કબજે લીધેલ. અને તેમની હાજરીમાં પંચોની સહીઓ લીધેલી. આંક–૬૮ થી રજુ કરેલ સી.સી.ટી.વી. ફુટેજનો નિરીક્ષણ અહેવાલ તૈયાર કરી આ કામમાં સામેલ રાખેલ. જેમાં સાહેદ તેમની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામે પાર્થરાજસિંહ પરાક્રમસિંહ રાણા નાઓએ સી.સી.ટી.વી. ફુટેજ નિશાની–સી અને નિશાની–ડી થી બેંકના સી.સી.ટી.વી. ફુટેજ તેઓને પેનડ્રાઇવમાં આવેલ. જે અંગે તેમનું નિવેદન લીધેલું. તેમજ આ કામે આંક–૬૯ થી રજુ થયેલ એ.ટી.એમ. આઇ.ડી.બેંક સ્ટેટમેન્ટ કુલ–૦૬ પાનામાં કબજે કરેલ. જે બેંકના આઇ.પી. લોગ મેળવી કામમાં સામેલ રાખેલ. જે આંક–૭૦ થી રજુ રાખેલ તે મોબાઇલ નંબરની પ્રમાણિત નકલ મેળવેલ. તેમજ તે અંગે આઇ.પી.વી. ચાર પેજમાં ખરી નકલ રજુ રાખેલ. જે આ કામે આંક–૭૧ થી આંક–૭૩ મુજબ એફ.એસ.એલ., ગાંધીનગર તરફથી ક્રમાંક ડી.એફ.એસ./ઈ.ઈ./૨૦૨૫/સી.એફ./૧૬૮૨, તા.૦૧–૦૮–૨૦૨૫ ના રોજનો પત્ર તેમણે રજુ રાખેલ. તેમજ આંક–૭૪ થી રજુ રાખેલ આરોપીના સ્ટેટમેન્ટ રેકર્ડ કર્યા અંગેનું પંચનામુ સાહેદને બતાવતાં તેઓ તેમાં પંચોના લખાવ્યા મુજબ પંચનામુ કરી તેમની હાજરીમાં પંચસાહેદોની સહીઓ લીધેલી. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું.

–> બચાવપક્ષે સદરહુ **સાહેદની ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેમણે જણાવેલ છે કે, ફરિયાદી તથા એક સાહેદ સિવાય બેંક મેનેજર, બેંકના કર્મચારી, ટેલીકોમ કંપનીના અધિકારી કે અન્ય કોઇ સાહેદોના નિવેદનો લીધેલ

નથી. હાલના ગુનાની ફરિયાદ લેનાર અને તે ગુનાની તપાસ કરનાર સાહેદ એક જ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

**૧૦.)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો, કેસનું રેકર્ડ પ્રોસીડીંગ્સ, પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો વગેરે લક્ષમાં લેતાં, આંક–૫૪ થી રજુ થયેલ ફરિયાદીના પુરાવાને ધ્યાને લેતાં બનાવની ચોક્કસ તારીખ તેણીએ જણાવેલ નથી. તેમજ તેણીએ પોતાના પુરાવામાં તેણીને એક અજાણ્યા નંબર ઉપરથી ફોન આવેલ હોવાનું જણાવેલ છે. જે કોણ હતાં તે ઇસમોના નામ તેણીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ નથી. તે સિવાય તેણીને ડરાવી, તેણી પાસે પૈસાની માંગણી કરતાં ફરિયાદીએ તેઓને બે લાખ રૂપીયા આપેલ હોવાનું જણાવેલ છે. જ્યારે ફરિયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં, તેણીના વોટ્સઅપ ઉપર એક અજાણ્યા નંબર ઉપરથી ફોન અને લીંક આવતાં તે શરતચુકથી દબાઇ જતાં તેમના ખાતામાંથી બે લાખ રૂપીયા જતા રહેલ હોવાનું જણાવેલ છે. આ કામે હાજર આરોપીઓએ તેણીને ફોન કરી વીડીયોકોલ કરી ડરાવી–ધમકાવી તેમની પાસેથી બે લાખ રૂપીયા લીધેલ હોય તેવું બનેલાનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે. તેઓ આરોપીઓને અદાલતમાં પ્રથમ વખત જોવે છે. તેઓએ ફરિયાદી પાસેથી કોઇ રૂપીયાની માંગણી કરેલ નથી કે ફરિયાદીએ તેઓને કોઈ ખાતામાં રૂપીયા મોકલેલ નથી. આમ, ફરિયાદીના સોગંદ ઉપરના પુરાવામાં અને તેમની ફરિયાદમાં મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. તેમજ હાલ તેણીને બે લાખ રૂપીયા પરત મળી ગયેલ હોય ફરિયાદી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, સદરહુ ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

વધુમાં, સદરહુ આંક–૭૫ થી તપાસેલ સાહેદ નં. ૨ આ કામના તપાસ કરનાર અધિકારી હોય તેઓએ પોતાની ફરજ મુજબની કામગીરી કરેલ હોવાનું જણાઇ આવે છે, જ્યારે હાલના કામે માત્ર ફરિયાદી તથા એક સાહેદ સિવાય બેંક મેનેજર, બેંકના કર્મચારી, ટેલીકોમ કંપનીના અધિકારી કે અન્ય કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. આમ, હાલ જ્યારે ફરિયાદપક્ષના અતિમહત્વના સાહેદ એવા ફરિયાદી જ બનાવ હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો રજુ કરતા ન હોય સદરહુ સરકારી પોલીસ સાહેદનો પુરાવો હાલના તબક્કે ગૌણ બની જાય છે.

**૧૧.)** આ કામે ફરિયાદપક્ષે આંક–૫૭ થી આરોપીની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ, આંક–૫૮ થી આરોપીની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ, આંક–૫૯ થી આરોપીની અટક કર્યા અંગેના પંચનામાની ખરી નકલ, આંક–૬૦ થી સ્ક્રીન શોર્ટ રીકવરીના પંચનામાની ખરી નકલ, આંક–૬૧ થી સેન્ટ્રલ બ્યુરો રીપોર્ટની ખરી નકલ, આંક–૬૨ થી સી.બી.આઇ.એ ફરિયાદીને કરેલ પત્ર, આંક–૬૩ થી ફોટોગ્રાફની ખરી નકલ, આંક–૬૪ થી સી.બી.આઇ.એ ફરિયાદીને કરેલ પત્ર, આંક–૬૫ થી મોબાઇલ ફોન કબજે કર્યાના પંચનામાની ખરી નકલ, આંક–૬૬ થી મુદ્દામાલ કબજે કરી વોટ્સઅપ ચેટના સ્ક્રીન શોર્ટ રીકવર કર્યા અંગેના પંચનામાની ખરી નકલ, આંક–૬૭ થી સ્ક્રીન શોર્ટની ખરી નકલ, આંક–૬૮ થી સી.સી.ટી.વી. ફુટેજ નિરીક્ષણ અહેવાલ, આંક–૬૯ થી એ.ટી.એમ. નો રીપોર્ટ, આંક–૭૦ થી કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર, આંક–૭૧ થી એફ.એસ.એલ.ના પત્ર નં. ૧૬૬૨ ની ખરી નકલ, આંક–૭૨ થી એફ.એસ.એલ. ના પત્ર નં. ૦૩૮૦ ની ખરી નકલ, આંક–૭૩ થી એફ.એસ.એલ.ના પત્ર નં. ૧૬૬૨ ની ખરી નકલ, આંક–૭૪ થી આરોપીઓના સ્ટેટમેન્ટ રેકર્ડ કર્યા અંગેનું પંચનામાની ખરી નકલ સંમતિથી રજુ કરેલ છે પરંતુ જ્યારે ફરિયાદી તથા મહત્વના સાહેદોના પુરાવાથી આરોપીઓએ ફરિયાદ મુજબનો ગુનો કરેલ હોય તે હકીકત પુરવાર થયેલ ન હોય ત્યારે ઉપરોક્ત દસ્તાવેજો જે તે સ્થિતિમાં વંચાણે લેવામાં આવે તો પણ કેસના પરિણામમાં ફરક પડી શકે તેમ નથી.

આમ, આ કામે ફરિયાદીના પુરાવાથી આરોપીઓએ ફરિયાદ મુજબનો ગુનો કરેલ હોય તે હકિકત શંકારહિત રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**૧૨.)** આ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ને ધ્યાને લેતાં તેમાં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, No Particular number of witnesses shall in any case be required for the proof of any fact.

નામદાર સુપ્રિમકોર્ટે Veer Singh Vs. State of U.P. –Cri. Appeal No. 256–257 of 2009, Dt.: 10–12–2013 માં ઠરાવેલ છે કે, ...

> The weight and quality of Evidence are important rather than quantity Multiplicity or plurality of witness. Evidence must be weighted and not counted as per S. 134 of Evidence Act.

આમ, કેસના નિર્ણય માટે પુરાવાની ગુણવત્તા મહત્વની છે, નહી કે પુરાવાની સંખ્યા તેવું ઠરાવેલ છે. આજ સંદર્ભે **૧૯૯૬(૨), કરન્ટ ક્રિમીનલ રીપોર્ટર, સતિષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન પાના નં. ૪ ના ચુકાદામાં** નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે જજને ચોકકસપણે એમ લાગે કે, કેસના સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીઝર પુરી કરવા વેડફવો નહિ, જેથી આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવશે તો પણ કેસના ગુણદોષમાં કોઇ ફેરફાર થશે નહી.

આમ, ઉપર ચર્ચા કરી તે અનુસાર ફરીયાદીના પુરાવાથી આરોપીઓ વિરૂધ્ધની કંઇ પણ હકીકતો ફલીત થતી ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ નથી.

**૧૩.)** આ સંજોગોમાં આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું તહોમત પુરવાર થઇ શકે તેમ ન હોય, ત્યારે ફરીયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તેમજ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ જે તેણે આ કામે પુરવાર કરેલો ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.)** આ કામના આરોપીઓ (૧) દિનેશભાઇ રામજીભાઇ પરમાર, (૨) હિતેન્દ્રભાઇ ઉર્ફે હિતેશ સામતભાઇ રાઠોડ, (૩) કેવલભાઇ શંભુભાઇ ચૌહાણ, (૪) રૂતુરાજસિંહ ઉર્ફે રૂતુરાજ પ્રદિપસિંહ ગોહિલ, તથા (૫) એચ.પી. ઉર્ફે હરદિપ જનકભાઇ પરમાર નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૦૪, ૩૦૮(૬), ૩૧૬(૨), ૩૧૯(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ તથા આઇ.ટી. એક્ટની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૮૧(એ) અન્વયે દરેક આરોપીએ અપીલ સમય સુધીના જામીન રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.)** આ કામે પોલીસે કબજે કરેલ મુદ્ધામાલ (૧) એપલ કંપનીનો ૧૩ પ્રો તથા (૨) સેમસંગ કંપનીનો મોબાઈલ જો વચગાળાના તબક્કે અરજદારને પરત કરવામાં આવેલ હોચ તો તે લગત કરવામાં આવેલ હુકમને કાયમ કરવામાં આવે છે અને તેમાં લાદેલ શરતો દુર કરવામાં આવે છે. અન્યથા મુદ્ધામાલ મોબાઈલોને અપીલ સમય વીત્યા બાદ તેના મુળ માલિકની ખરાઈ કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વીત્યા બાદ છ માસ સુધીમાં સદરહુ મુદ્ધામાલ મોબાઈલો પરત મેળવવા અંગે કોઈપણ ઈસમ દ્વારા ક્લેઈમ કરવામાં ન આવે તો સંબંધિત પો.સ્ટે.ના જવાબદાર અધિકારીશ્રીએ સદરહુ મુદ્ધામાલોનો નિયમાનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તા.૧૮ જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૧૮–૦૭–૨૦૨૬.
મુ. બોટાદ.
વિશાલ

(મનન એસ. સોની)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, બોટાદ.
(જી.જે. ૦૧૨૬૨)

सत्यमेव जयते